## જન્મદિને વધામણી



ધ્યાન ઋષિકેશ અમીન
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭



ધૃતિ જે શાહ
મો. ૮૮૬૬૧ ૩૦૨૮૦

### આરાધના વિદ્યાવિહાર ખાતે

# મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર મુજબ આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.

આ પખવાડિયાના કાર્યક્રમના ભાગરૂપે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના સંચાલક રમણભાઈ પટેલ અને આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીનીઓએ બેટી પઢાઓ વિષયે પોતાના વિચારો વક્તૃત્વ સ્પર્ધાના માધ્યમથી રજૂ કર્યા હતા.

મહિલા નેતૃત્વ દિવસ સંદર્ભે શાળાનાં શિક્ષક ફાલ્ગુનીબેન અને જૈમિનીબેન દ્વારા વિવિધ ક્ષેત્રે નેતૃત્વ કરી રહેલી મહિલાઓનાં ઉદાહરણો રજૂ કરી સાચી દિશામાં આગળ વધવાની શીખ આપવામાં આવી હતી. 'મહિલા આરોગ્ય દિવસ'ની ઉજવણીના ભાગરૂપે મહિલાઓના આરોગ્યને સ્પર્શતી મહત્ત્વપૂર્ણ બાબતોની જાણકારી શાળાના વિજ્ઞાન શિક્ષક એમ કે પટેલ દ્વારા આપવામાં આવી હતી.

મહિલા કૃષિ દિવસ સંદર્ભે કૃષિ તથા પશુપાલન જેવા પૂરક વ્યવસાયમાં રહેલી મહિલાઓના અમૂલ્ય પ્રદાનની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

મહિલા શિક્ષણ દિવસની ઉજવણી માટે કન્યા કેળવણીનું મહત્ત્વ વિષયે વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું તથા કારકિર્દી સંદર્ભે કે કે પરમાર દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

મહિલા સ્વચ્છતા જાગૃતિ અને મહિલા કલ્યાણ દિસવની પણ ઉજવણી આ પ્રસંગે કરવામાં આવી હતી, જેમાં સરકાર દ્વારા સંચાલિત મહિલાઓ માટેની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

મહિલા કર્મયોગી દિવસ નિમિત્તે શાળામાં વિદ્યાર્થીનીઓએ વ્યક્તિત્વ વિકાસ માટે કાર્યકુશળતા કેળવવાનો સંકલ્પ લીધો હતો. મહિલા અને કાનૂની જાગૃતિ દિવસ તથા શ્રમજીવી મહિલા દિવસના ભાગરૂપે મહિલાઓના રક્ષણ અને સમાજમાં થતા અન્યાયની સામે ન્યાય મેળવવા માટે ઉપયોગી કાયદાઓની સમજ શિક્ષક સી ડી જાદવ અને ડી સી પટેલ દ્વારા આપવામાં આવી હતી.

સ્વતંત્રતા દિવસ પૂર્વે વ્યાયામ શિક્ષક એ સી પટેલે 'મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ' સંદર્ભે વિદ્યાર્થીનીઓ માટે યોગ નિદર્શનનું આયોજન કર્યું હતું અને 'યોગનું જીવનમાં મહત્ત્વ' વિષયે પરિસંવાદનું આયોજન પણ કર્યું હતું.

સમગ્ર મહિલા સશક્તિકરણ પખવાડિયા દરમ્યાન શાળાના વિદ્યાર્થી-ભાઈ બહેનોની સક્રિય ઉપસ્થિત નોંધપાત્ર રહી હતી.

# ઍસ જી સ્કૂલમાં ઍરોબિક્સ ડે



ઍસ જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે ઍરોબિક ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જંપીક જૅક, ઝીગઝૅગ, રાઉન્ડ નેક, રાઉન્ડ બૅક વગેરે ઍરોબિક્સના સ્ટૅપ શીખવવામાં આવ્યા હતા. શાળાનાં શિક્ષક અપર્ણાબેને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બાળકોએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## મકરબા શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓને તૈયાર કપડાંનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૧

શ્રી આદિશ્વર એજ્યુકેશન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રત્નનિધિ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે મકરબા, વેજલપુર ખાતે કાર્યરત શાળાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને તૈયાર કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટના લખન ચુડાસમા, મૃગેશભાઈ ચાવડા, મકરબા શાળાના રાઘવભાઈ ધનાણિયા, આચાર્ય મણીભાઈ, વેજલપુરના કાઉન્સિલર દિલીપ બગડીયા, સરખેજના કાઉન્સિલર જયેશ ત્રિવેદી તેમજ સ્થાનિક અગ્રણી રામભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સંસ્થાના પ્રમુખ રસિકભાઈ ધનજીભાઈ વોરાએ આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. અતુલભાઈ શાહે આવા કાર્યક્રમોને આગળ વધારવા લોકોને અપીલ કરી હતી.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**



શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં ૬ જેટલાં ગામોનાં ૧૦૮ વૃદ્ધ બહેનોને ૩ કિગ્રા ચોખા તથા બિસ્કીટનાં પૅકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શાંતનું આર્ય, મિલિન્દભાઈ, દિનેશ પરમાર તથા ડૉ. અતુલભાઈ જોડાયા હતા, જેમણે આ ઉપરાં ભેટાઈમાં પણ ૮ વૃદ્ધોને ચોખા, બિસ્કીટનું વિતરણ કર્યું હતું.

# ટૂંક સમયમાં રજૂ થનારી ગુજરાતી ફિલ્મ 'મેડ ફોર ઇચ અધર'નું પોસ્ટર લોન્ચ કરાયું



ગાંધીનગર, તા. ૨૧

બિઝકોન મીડિયા તથા જાણીતા નિર્દેશક આશિષ વ્યાસ અને જિજ્ઞેશ સોની દ્વારા નિર્મિત અને ટૂંક સમયમાં રજૂ થનારી ફિલ્મ 'મેડ ફોર ઈચ અધર'નું પોસ્ટર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું હતું. અમદાવાદની રિજેન્ટા હૉટલ ખાતે આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં ફિલ્મના પ્રોડ્યુસર હરેન વાજાણી, ફિલ્મના નિર્દેશક આશિષ વ્યાસ, જિજ્ઞેશ વ્યાસ, સિનિયર આર્ટીસ્ટ દિલીપ દરબાર અને પ્રતિમાબેન, અભિનેતા અભિજિત સામેટ્રિયા અને અભિનેત્રી નીલમ ગાંધી સહિત યુનિટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ફિલ્મનું શૂટીંગ પૂર્ણ થયું છે અને પોસ્ટ પ્રોડક્શન ચાલી રહ્યું છે. આગામી ૨૬ ઑગષ્ટના રોજ ફિલ્મ રિલીઝ થઈ રહી છે.

'મેડ ફોર ઈચ અધર' એક રોમેન્ટિક કોમેડી ફિલમ છે, જેમાં એકબીજાથી વિપરીત સ્વભાવ અને પારિવારિક પૃષ્ઠભૂમિ ધરાવતા બે ટીનએજર્સની વાર્તા રજૂ કરવામાં આવી છે.

ફિલ્મના અન્ય કલાકારોમાં આશિષ ભટ્ટ, સંજય ભાટિયા, તિતિક્ષા પંડ્યા, કુલદીપ ગોર, નિખિલ મોડાક, અંશુલ શાહનો સમાવેશ થાય છે. ફિલ્મનું સંગીત નવીન શિવરામે આપ્યું છે અને વાર્તા આશિષ વ્યાસ, રાજ પાટીલે લખી છે. અભિજીત સામેટ્રિયા અને નીલમ ગાંધી આ ફિલ્મ સાથે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં પદાર્પણ કરી રહ્યાં છે. હરેન વાજાણી, યશ વાજાણી, સપના વાજાણી આ ફિલ્મનાં નિર્માતાઓ છે.

### ફ્રીડમ જોય રાઈડ સુપર મોટર ડ્રાઈવમાં

# ૧૫૦ એક્ઝોટિક કાર અને સ્પીડ બાઈકસ પ્રત્યેક માઈલે સ્મિત ફરકાવવામાં સફળ

### તેજસ્વી વિદ્યાર્થીઓ, એચઆઈવી બાળકો અને મ્યુનિસિપલ શાળાઓના વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૧

ઘણાં લોકોનું લાંબા સમયથી સેવેલું સપનું સાકાર થયું છે. સુપર મોટર ડ્રાઈવની બીજી એડિશન સૌના દિલ જીતી ગઈ છે. આ વખતે આ સમારંભમાં અદાણી શાંતિગ્રામ ખાતે સુપર કાર્સ અને સુપર બાઈક્સની અનેરી મોજ માણીને બાળકો રાઈડસથી ખુશ દેખાતા હતા. આ માત્ર રાઈડઝ નહોતી, પરંતુ સ્વાતંત્ર્ય દિનના આગલા દિવસે યોજાયેલા સમારંભમાં મ્યુનિસિપલ શાળામાં ભણતા તથા તબિયતને કારણે રાઈડનો આનંદ માણવાથી વંચિત રહેલા બાળકોને સ્માઈલ ગિફ્ટ આપવાનો પ્રસંગ હતો. અમદાવાદની શાળાના ધો.૧૦ નાં ૫૦ તેજસ્વી વિદ્યાર્થીઓ, ૫૦ એચઆઈવી બાળકો અને મ્યુનિસિપલ શાળાઓના ૧૦૦ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાયા હતા. આ વર્ષે કાર અને બાઈક માલિકોએ અગાઉથી નક્કી થયેલા રૂટ ઉપર બાળકો સાથે રાઈડઝ માણી હતી. આ પ્રસંગે મેજીક, ટેટૂ મેકીંગ, ફોટોબુથ અને બલૂન શુટીંગ જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતું. સુપર મોટર ડ્રાઈવના સ્થાપક આયુષ અગ્રવાલ જણાવે છે કે "ભારત જ્યારે આઝાદીની ઉજવણી કરી રહ્યું છે ત્યારે વંચિત બાળકોને તેમની રોજબરોજની જીંદગીમાંથી એક દિવસની આઝાદી આપવાનું અમે પસંદ કર્યું છે. અમનો બોલિવુડના સુપર સ્ટાર અમિતાભ બચ્ચન પરથી આ કોન્સેપ્ટની પ્રેરણા મેળવી હતી. આમાંના કેટલાંક બાળકોએ સુપર કાર અને સુપર બાઈક્સની વાતો માત્ર સાંભળી હતી કે પડદા ઉપર જોઈ હતી. આ બધુ વાસ્તવિકપણે જોતાં બાળકોએ સપનાની દુનિયાનો અનુભવ કર્યો હતો." આ શો માટે ખાસ મોકલેલા વિડિયો મેસેજ દ્વારા જ્હોન અબ્રાહમે સુપર મોટર ડ્રાઈવને એન્ડોર્સ કરી છે. વર્તમાન એડિશન વધુ મોટી રહી હતી અને વધુ બાળકોએ તેનો લાભ લીધો હતો. સુપર મોટર ડ્રાઈવ-રિપબ્લિક ડે જોય રાઈડ તા.૨૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ યોજાઈ હતી, જેમાં ૧૦૦ બાળકોએ તેમાં ભાગ લીધો હતો.

# નવી ગુજરાતી ફિલ્મ 'રોંગ સાઈડ રાજુ'નું ટ્રેઈલર લૉન્ચ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૧

હાઉસ ઓફ સિનેમેન પ્રોડક્શન્સ દ્વારા 'કેવી રીતે જઈશ' અને 'બે યાર' પછી ત્રીજી ફિલ્મ બે યાર અને કેવી રીતે જઈશ ના નિર્માતા સિનેમેન પ્રોડક્શન્સ લિમિટેડ તેમની ત્રીજી ગુજરાતી ફીચર ફિલ્મ રોંગ સાઈડ રાજુ સાથે આવી રહ્યા છે. આ ફિલ્મ એક ડ્રામા થ્રીલર છે અને તેનું ટ્રેલર આજે સિનેપોલિસ, અમદાવાદ ખાતે બહાર પાડવામાં આવ્યું હતું. આ ફિલ્મ બોલિવુડના સૌથી મોટા નિર્માણ ગૃહ - ફેંટમ ફિલ્મસ (વિકાસ બહલ, વિક્રમાદિત્ય મોટવાને અને મધુ મન્ટેનાની આગેવાની હેઠળના) સાથેના સહયોગને કારણે છેલ્લા ઘણાં સમયથી સમાચારમાં છે અને આ ફિલ્મ પ્રાદેશિક સિનેમાને વધુ નવા ઉંચા સ્તરે લઈ જશે. આ ફિલ્મના નિર્માતામાંના એક અનુરાગ કશ્યપ જણાવે છે કે સરોંગ સાઈડ રાજુ એ એક રોમાંચક કથા છે, જેમાં અમદાવાદના સામાજીક જીવનના તાણાંવાણાં રજૂ થયા છે અને આ ફિલ્મ એ લોકો દ્વારા રજૂ થઈ છે, જેમણે કેવી રીતે જઈશ અને બે યાર રજૂ કરી હતી. મને ખાત્રી છે કે માત્ર ગુજરાતના જ નહીં, સમગ્રપણે તમામ દર્શકોને આ ફિલ્મ ગમી જશે.. આ ફિલ્મ પ્રથમવાર દિગ્દર્શન કરી રહેલા નિખિલ મુસાલે દ્વારા દિગ્દર્શિત થઈ છે અને તે જણાવે છે કે સઆ ફિલ્મની કથા લખવાનું કામ પડકારયુક્ત અને થકવી દેનાર હતું. તેના લેખનની કામગીરી પૂરી કરતાં બે વર્ષ લાગ્યા હતા, પરંતુ આ પ્રક્રિયા ખૂબ જ ફળદાયી નિવડી છે અને તે તમામ અવરોધો તોડીને જે લોકો સુધી પહોંચી શકાય તેમ નથી તેવા તમામ લોકો સુધી પહોંચી શકશે. મારી આ પ્રથમ ફિલ્મ છે અને મારા બોર્ડ પર ૧૧ પ્રોડ્યુસરો છે, જે મારાં કરતાં સિનિયર અને અનુભવી છે. મને રોમાંચ અને વિશેષાધિકારનો અનુભવ થાય છે અને મને લાગે છે કે મારે આથી વધુ શું જોઈએ?. અભિષેક જૈન (કેવી રીતે જઈશ અને બે યારના દિગ્દર્શક) આ વખતે નિર્માતા બન્યા છે.

# દાદા-દાદીની યાદથી જીવન બન્યું સ્વર્ગ

**સંવેદના**
**યાદ દાદા-દાદીની**



કાઠિયાવાડની ધરતી, રાજકોટ શહેર. જેમાં પંચનાથ મહાદેવનું મંદિર, જેની પાસે ભોજા મિસ્ત્રીનો ડેલો, જેમાં મેડીવાળું મકાન. જે વર્ષોથી અડીખમ ઊભું છે. તેમાં મારાં દાદા-દાદીનું જીવન અને તેમાંયે મારો જન્મ રાજકોટમાં. પરિચય આપું તો મારા દાદા નામે જેશંકરભાઈ, તેમના સૌથી મોટા પુત્ર મારા પિતાશ્રી ગિરજાશંકરભાઈ, મારા દાદાએ તેમનું હુલામણું નામ ગીજુભાઈ રાખેલ. મારા દાદાના પાંચ પુત્રો અને ત્રણ પુત્રીઓમાં મારા પિતીશ્રી સૌથી મોટા. અર્થાત પાંચ કાકા, ત્રણ ફોઈ સાથેનો મારા દાદાનું દસ મોટા વ્યક્તિઓનું કુટુંબ. સ્વાભાવિક રીતે મારા પિતાશ્રી મોટા હોવાના નાતે ઘરમાં સૌપ્રથમ સંતાન તરીકે મારો જન્મ થયો અને સમયાંતરે ઘરમાં ઘરનાં સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. આ પૂર્વભૂમિકા એટલા માટે જણાવવી જરૂરી જણાઈ કે આટલા મોટા પરિવારને ચલાવવો મારા દાદાના એકલા હાથે તે સ્વાભાવિક રીતે જ મુશ્કેલ હોય.

મારો જન્મ ૧૯૪૮માં થયો. હું સમજણો થયો ત્યારે મારા પિતાશ્રી પાસેથી જાણ્યું કે મારા દાદાનો પગાર તે સમયે એજન્સીમાં નોકરી કરતાં ત્યારે માત્ર રૂા. ૩૦ જ હતો. એટલા પગારમાં પણ મારા દાદા ઘરને ચલાવતા. પછી તો મારા પિતાશ્રીને પણ એજન્સીમાં જ નોકરી મળી. પરિવાર વધતાં કાકાને પણ જામનગરમાં નોકરી મળી. ભાવાર્થ એટલો જ કે ત્યારબાદ પરિવાર બહોળો થવા છતાં મારા દાદા જે રીતે ઘર ચલાવતા, તેમની આંતરસૂઝ હજુ પણ સ્મરણમાં છે. ઘર ચલાવવું, મેળામાં અમને લઈ જવા માટે મારા પિતાશ્રીને પ્રેરણા આપતા, સર્કસ બતાવી ખુશ રાખતા. નવરાત્રીમાં પંચનાથની ગરબી ખૂબ વખણાય. મુગટા (પીતાંબર) પહેરીને જ ગરબીમાં રમવા જવાનું, નાનપણથી મને ગરબી રમવાનું સૌભાગ્ય સાંપડ્યું અને તે પણ દાદાના પ્રોત્સાહનથી. દાદા-દાદી પાસે રોજ વાર્તા સાંભળતો. દાદીની વાર્તા સાંભળતાં ક્યારે ઉંઘી જતા એ ખબર ન પડતી. બ્રાહ્મણ પરિવારમાં જન્મ એટલે નાનપણથી ભક્તિભાવમાં પણ દાદા-દાદીએ એટલા જ રાખેલાં, ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજય જપ મંત્ર, સવારના ઊઠવાના, રાત્રે સૂત્રી વખતે, જમતી વખતે બોલાતા મંત્રો પણ એમણે જ શીખવેલા.

મારા દાદા જેટલા પ્રેમાળ એટલા કડક પણ. હું મારા કાકાના ચાર છોકરાઓ સાથે મળી દાદા બહાર જાય ત્યારે ખૂબ ધમાલ કરતો. દાદા ઓચિંતા આવી જાય તો 'પટ્ટો લઉં' એટલું જ કહે ને અમે પાંચેય ડાહ્યા થઈ એક લાઈનમાં ગોઠવાઈ જઈએ એવી એમની ધાક.

પણ એમણે અમને સાચવ્યા છે એ ક્યારેય નહીં ભૂલાય. એક આંખમાં પ્રેમ અને બીજી આંખમાં ક્રોધ રાખીને એમણે અમને જે શીખવ્યું છે એ કાયમ કામ લાગ્યું છે. આજે પણ દાદા-દાદીના યાદ સ્મૃતિપટ ઉપર એવી ને એવી જ તાજી છે.

**- પ્રમોદ દવે**
**સેક્ટર-૨ ડી**

અરવલ્લીની ગિરીમાળાઓમાં, કુદરતના સાંનિધ્યમાં, આહ્લાદક વાતાવરણમાં તથા ભિલોડાની જગવિખ્યાત ભૂલભૂલામણી (જૈન દેરાસર) જ્યાં બિરાજમાન છે એવા ભિલોડા ગામમાં મારો જન્મ થયો અને બાળપણ તથા યુવાની પણ ત્યાં વિતાવી. પિતા તથા દાદાનું મુખારવિંદ જોવા જેટલો પણ હું ભાગ્યશાળી નહોતો. પરંતુ મારાં દાદીનું મને આછું સ્મરણ છે. નામ એમનું ધૂળીમા.

લાકડીના ટેકે ચાલતાં, તેમની લાકડી હું લઈ લેતો અને દોડાદોડી કરતો. તેઓ પણ મારી પાછળ સંભાળી-સાચવી દોડીને મને પકડવા કોશિશ કરતાં.

એ દિવસોમાં ચોમાસું પૂરા ચાર માસનું રહેતું. હાથમતી નદી બે કાંઠે વહેતી અને પૂર આવતું. હું ખૂબ જ તોફાની હોવાથી ઉનાળામાં મિત્રો સાથે નદીએ ન્હાવા જતો ત્યારે દાદીમા ખૂબ જ ચિંતાતુર થઈ જતાં અને ઠપકો પણ આપતાં. હું 'ચ્હા'નો ખૂબ શોખીન હોવાથી સ્કૂલે જતાં પહેલાં પણ મને ચ્હા ઉકાળીને પીવડાવતાં અને ૧ પૈસાના કિલો ગાંઠિયા પણ લાવીને મને ખવડાવતાં.

રાત્રે દાદી પાસે સૂવા માટે હું અને મોટાંબહેન શાંતાબેન ઝઘડતાં, ત્યારે દાદી સમજાવીને મોટીબહેનને મારી બા પાસે સૂવડાવતાં અને મને પોતાની પાસે. અમે જાગીએ ત્યાં સુધી વાર્તાઓ કહેતાં.

બડોલી પાસેનું વાંસડોલ ગામ તેમનું પિયર. એટલે વૅકેશનમાં મને તેમની સાથે વાંસડોલ લઈ જતાં અને અઠવાડિયા-દસ દિવસના ધામા રહેતા. તે વખતે ફક્ત એક જ બસ (ભિલોડા-ઈડર) હતી અને તેનો ટાઈમિંગ, ક્યાં ઉતરવું વગેરે મારાં દાદીને અભણ હોવા છતાં તેમની સૂઝબૂઝ રહેતી.

દાદીના દેહાંત બાદ હું ખૂબ રડ્યો હતો ને આજે એમના સ્મરણ સંગ જીવન ગુજારું છું.

**- ખેમાભાઈ પરમાર,**
**સ્વાગત રેઈનફોરેસ્ટ-૪**

મેં મારાં દાદા-દાદીને તો જોયાં નથી પણ મારા પતિના દાદા-દાદીએ અમને ખૂબ પ્રેમ આપ્યો છે, એમની યાદ મારી પાસે છે.

એક વખત તેઓ બેબી માટે કુલ્ફી લેવા ગયા ને મારી માટે પણ લાવ્યા. મને કહે મારા પૌત્રનો હાથ છૂટો છે. ભવિષ્ય માટે પગારમાંથી કંઈ બચત રાખતો નથી. તમે થોડા-થોડા બચાવીને રાખો. એ પછી પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું, અમે કમાતા ત્યારે પગાર ૩૦ રૂપિયા હતો. ૧૦ રૂપિયાનું ખાતા, ૧૦ ગામડે કુટુંબને મોકલતા અને ૧૦ રૂપિયા બચાવતા..

દાદાની આંખે મોતિયાનું ઓપરેશન કર્યું હતું. એમની આંખ લાલ થઈ ગઈ હતી. હું તો ડરી ગઈ હતી કારણ કે ડૉક્ટરનું કહેવું હતું કે ટીપાં નાખતાં વાગી ગયું હશે. પણ દાદાજીએ સ્પષ્ટતા કરી દીધી કે વહુનો વાંક નથી, મારાથી ઉંઘમાં ચળ થઈ ગઈ હશે.

એક વખત અમારે ઘેર મહેમાન આવેલા. હું ખીચડીમાં મીઠું ભૂલી ગઈ હતી. એ જાહેરમાં ન બોલ્યા, પણ રસોડા પાસે આવીને ધીમેથી કહ્યું, ખીચડીમાં મીઠું નથી. મહેમાન સામે મારું ખરાબ ન દેખાય એ માટે એમણે લીધેલી મારી કાળજી મને કાયમ યાદ રહેશે.

**- ચંદ્રિકા એલ ટાંક**
**સેક્ટર-૨૩**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'યાદ દાદા-દાદીની'